# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદ ખાતે ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત "આધુનિક કૃષિમાં સંકલિત નીંદણ વ્યવસ્થાપન" તાલીમ કાર્યક્રમ યોજાયો

એઆઇસીઆરપી- નીંદણ વ્યવસ્થાપન યોજના , બી.એ.સી.એ., આકૃયુ, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૩.૦૯.૨૦૧૬નાં રોજ ટ્રાબલ સબ પ્લાન અંતર્ગત **"આધુનિક કૃષિમાં સંકલિત નીંદણ વ્યવસ્થાપન"** તાલીમ કાર્યક્રમ અત્રેના કેન્દ્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડો. બી.ડી. પટેલ, એગ્રોનોમીસ્ટે ખરીફ પાકોમાં સંકલિત નીંદણ નિયંત્રણ અને વિવિધ પાકોમાં નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો તથા નીંદણનાશકોના વપરાશની સમજ અને તેની ગણતરી, પ્રો. ડી. ડી. ચૌધરી, જુનિયર એગ્રોનોમીસ્ટે નીંદણનો પરિચય , વર્ગીકરણ અને નીંદણ નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ, કે.વી.કે. દાહોદના ડો.યુ.એમ.પટેલ વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીએ આધુનિક કૃષિમાં તાલીમનુ મહ્ત્વ, ડો. એસ.કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી)એ નીંદણ નિયંત્રણમાં યાંત્રિકરણ અને તેના લાભ અને પ્રો. એચ. એલ. કાચા , વૈજ્ઞાનિક (બાગાયત)એ અગત્યના બાગાયતી પાકોમાં નીંદણ નિયંત્રણ વિષે ખેડુતોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં વિજાગઢ ગામના કુલ ૪૦ ખેડુતભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો અને ખેડુતો વિવેકપુર્વક નીંદણનાશકોનો ઉપયોગ કરે તે અંતર્ગત દરેક ખેડુતભાઇને સ્પ્રે પંપનુ વિતરણ કરેલ હ્તુ.



ડો. બી.ડી. પટેલનું ઉદબોધન



પ્રો. ડી. ડી. ચૌધરીનું ઉદબોધન




ડો.યુ.એમ.પટેલનું ઉદબોધન



ડો. એસ. કે. પટેલનું ઉદબોધન




પ્રો. એચ.એલ. કાચાનું ઉદબોધન




સ્પ્રે પંપનુ વિતરણ